
અર્હદ્
પ્રેરણા પત્ર
❖ વર્ષ : 28 ❖ અંક : 4 ❖ S.No. : 433
❖ તા.16-7-2021 ❖ જુલાઈ
છૂટક નકલ : રૂા. 6/-

# એલર્ટ ગ્રુપ દ્વારા જીવદયા તથા અનુકંપાદાનની પ્રવૃત્તિ



આમોદ ગ્રુપ દ્વારા આ.શ્રી હેમરત્નસૂરીશ્વજી મ.ની પ૪મી દીક્ષાતીથી નિમિત્તે આરતી, અનુકંપાદાન, સામાયિક



ડભોઈ ગ્રુપ દ્વારા નાના ભુલકાઓને ભેળ તથા કેરીનું વિતરણ



દહીસર ગ્રુપ દ્વારા અનાજની કીટનું વિતરણ




ધાંગધ્રા ગ્રુપ દ્વારા નાના ભુલકાઓને ભેળ તથા ખમણનું વિતરણ




નાલાસોપારા ગ્રુપ દ્વારા વૃદ્ધાશ્રમમાં જઈ અનાજનું વિતરણ




વસઈ ગ્રુપ દ્વારા નાના ભૂલકાઓમાં ફાફડા-જલેબીનું વિતરણ



વિરાર ગ્રુપ દ્વારા વૃદ્ધાશ્રમમાં જઈ નાળીયેરના પાણીનું વિતરણ



નાલાસોપારા ગ્રુપ દ્વારા બાળકોમાં નોટબુકનું વિતરણ



હીંડોનસીટી ગ્રુપ દ્વારા કોરોનામાં ફરજ બજાવતા ડોક્ટર્સનું બહુમાન



ખામગાંવ ગ્રુપ દ્વારા ગાય તથા કૂતરાને રોટલી-બીસ્કીટનું વિતરણ



રાજકોટ ગ્રુપ દ્વારા ચોમાસા પહેલા સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ



નાલાસોપારા ગ્રુપ દ્વારા ફરજ બજાવતા પોલીસ, સફાઈકર્મી વગેરેને અનાજની કીટનું વિતરણ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

# પ્રેરણા પત્ર


વર્ષ : 28 ❖ અંક : 4
S.No. : 433 ❖ વિ.સં.2077
તા.16-7-2021 ❖ જુલાઈ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

૨૪૩, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514


આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–


॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

હે કૃપાત્મન્ ! હે ચિદાત્મન્ ! હે સિદ્ધાત્મન્ ! તને મળવાના ઘણા અભરખા હતા. એટલે તો નિત્ય તારા મંદિરે આવતો રહ્યો, તારી સેવા અને પૂજા યથાશક્તિ કરતો રહ્યો, એટલે કે તું કદાચ રીઝી જાય, કદાચ તું મારા ઉપર પ્રસન્ન થઈ જાય અને ક્ષણવાર પણ મને મળી જાય !

પરંતુ વારંવાર આવવાથી હવે તારી પ્રતિમા સાથે મને પ્રીતિ બંધાઈ ગઈ છે. હવે મને તારી પ્રતિમામાં તું જ સાક્ષાત્ દેખાય છે. પ્રભુ ! હવે કદાચ તું નહિ મળે તો ચાલશે. હું જ તારામાં મળી જવાનો છું.

હે શુદ્ધાત્મન્ ! હું એ પણ જાણું છું કે તારા અને મારા વચ્ચે ઘણું અંતર છે. તું સાત રાજલોક ઉપર જઈ બેઠો છે. તેમ ભાવથી તું વીતરાગ બની ગયો છે. હું અહીં પૃથ્વી ઉપર છું અને રાગથી ભરેલો છું. ખરે જ ! તારું ને મારું મિલન કેવી રીતે થાય ? તું નિરંજન, નિરાકાર, નિર્બંધ, નિર્વિકાર, નિષ્પાપ, નિષ્કર્મ, નિરુપમ ! નિરાબાધ કેટલું લખું ! વ્હાલા હવે તને મળવાના ઓરતા શમી ગયા છે.


બસ તારી પાસે મારી એક જ પ્રાર્થના છે પ્રભુ ! ભવ અટવીમાં મહાપુણ્ય યોગે આ વખતે તો તું પ્રતિમા સ્વરૂપે મળ્યો છે પરંતુ હવે મને સાક્ષાત્ મળે એવી કૃપા કરજે. બસ ત્યારે મારું ભવભ્રમણ ટળી જશે પછી તું અને હું એક જ બની જશું !

## સંવેદના

નવા વર્ષના હેપી ન્યુ ઈયરના હજારો કાર્ડ આવે છતાં માણસ હેપી દેખાતો નથી. કારણ હકીકતમાં તેને હેપી થવું જ નથી. માણસ એવો વિચિત્ર છે કે, તે શોધે છે સુખ પણ પ્રયત્નો તો દુઃખના જ કરે છે.

માણસ પોતાનો વર્તમાન વિચારવાના બદલે હંમેશાં ભૂતકાળનો જ વિચાર કર્યા કરે છે. પહેલાં કેટલા સુખી હતા. બે રોટલી મળી જતી અને સંતોષથી જીવતા હતા. આજે તો જાણે પાછળ હડકાયા કૂતરા પડ્યા હોય તેમ માણસ દિવસના ૧૮ કલાક ભાગ્યા જ કરે છે. શ્વાસ લેવા પણ રોકાતો નથી. ભૂતકાળના ચિત્ર–વિચિત્ર વિચારો કરી બિચારો દુઃખમાં અટવાયા કરે છે.

અથવા ભાવિના વિચારે ચડી જાય છે. આજે આટલી મોંઘવારી છે. ભવિષ્યમાં કેવી હશે ? આજે તો બે દિવસે પાણી આવે છે. ભવિષ્યમાં પાણી જ નહિ મળે તો શું કરશું ? આ છોકરા મોટા થઈને શું કરશે ? એમ.બી.એ. થયા પછી નોકરી ક્યાં મળે છે ? હાય બાપ, છોકરાનું શું થશે ? ભવિષ્યના ફોગટના વિચારો કરી માણસ અડધો થઈ જાય છે. ભૂતકાળ વીતી ચૂક્યો છે. ભાવિ તેના હાથમાં નથી એવા ફોગટના વિચારો કરી માણસ ખુદ દુઃખી થાય છે. તેને વર્તમાનનો વિચાર કરવો જોઈએ કે, આજે ક્યું દુઃખ છે ? ખાવા, પીવા, રહેવા બધુ સત્યં, શિવમ્ અને સુંદરમ્ હોવા છતાં શા માટે હિજરાયા કરવાનું ? ધીંગો ધણી માથે બેઠો છે ચિંતા શું કામ કરે છે ! જેના ઝુંપડાના છાપરા ઉડી ગયા છે તેવા ટેસથી જીવે છે પણ આ અભાગીઓ કરોડના ફલેટમાં દુઃખી દુઃખી છે ! શું કરવું ?



**હેમસૂત્ર** બધુ પરિવર્તનશીલ છે. આવેલા દુઃખો કે સુખો કાલે ચાલ્યા જશે. રહી જશે માત્ર તમે કરેલો ધર્મ જે ભવાંતરમાં સાથે આવશે.

## 27- यतितव्यं योगसिद्धौ (15)

## યોગ સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

દુનિયાના બીજા અનેક યોગોની વાત કરી. યોગીઓની પણ વાત કરી. આવા યોગોનું જૈનદર્શનમાં ઝાઝું મહત્ત્વ નથી.

યોગશતક નામનો ગ્રંથ છે. પૂજ્યપાદ સૂરિપુરંદર હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનો છે. તેમને પ્રથમ શ્લોકમાં જ યોગીનાથને વંદન કર્યા છે.

**णमिउण जोगिनाहं सुजोग संदसगं महावीरं ।**

**वोच्छामि जोगलेसं जोगज्झयगाणुसारेणं ॥१॥**

લખે છે, યોગીનાથ એવા મહાવીરને નમિને (વંદન કરીને) યોગ ગ્રંથોના અનુસારે હું કંઈક અંશમાં યોગ માર્ગ કહીશ.

પ્રભુવીરને પણ યોગીનાથ કહ્યા છે. આ યોગ તે ઉપર કહ્યો તેવો નહિ ! આ એવો યોગ છે કે જેમાં તમામ ચમત્કારોને ઝાંખા પાડી દે તેવો કેવલજ્ઞાનનો અનુપમ ચમત્કાર સર્જાય છે. આ યોગને પામનારા યોગસિદ્ધ આત્માઓ જ ખુદ પરમાત્મા બની જાય છે.

ગ્રંથમાં પ્રશ્ન કર્યો છે, યોગીનાથ એટલે શું ? અને તે કેવી રીતે ? તેનો જવાબ આપતાં લખે છે, મુનિ તે યોગી છે. તેની પાસે યોગ સાધના છે. આ મુનિઓના નાથ એટલે મુનિનાથ-યોગીનાથ ! વળી તે નાથ કેવી રીતે ? તો લખે છે,

**तथा च भगवान वीतरागादीनां पश्चानुपूर्व्या अपुनर्बंधकावसानानां तथा तथोपकार करण पालनाद् नाथः**

અપુનર્બંધક અવસ્થાના જીવોથી લઈ ૧૨મા ગુણસ્થાને વર્તતા જીવોના યોગ અને ક્ષેમ કરનારા છે તેમના ઉપર ઉપકાર કરનાર છે. તેથી તે યોગીનાથ છે.



**अप्राप्तस्थ प्रापणं योगः प्राप्तस्य रक्षणं क्षेमः**

યોગ-ક્ષેમ કરવા એટલે ? પ્રભુ જીવોમાં ગુણોનું આધાન કરવા દ્વારા ઉપકાર કરે છે તે યોગ અને જીવોમાં જે ગુણો આવ્યા છે તેનું રક્ષણ કરે છે અને જીવને ગુણશ્રેણીએ આગળ વધારે છે તેને ક્ષેમ કહેવાય છે. પરંતુ પ્રભુ કોના યોગ-ક્ષેમકરે ? તેની પાત્રતા શું ? તો,

જે તારક પ્રભુના શરણે જાય - શરણ સ્વીકારે,
જે પ્રભુના પાવન સાન્નિધ્યને સ્વીકારે,
જે પ્રભુને પોતાના હૃદયમાં બહુમાનપૂર્વક ધારણ કરે,
જે પ્રભુને માને-પ્રભુની આજ્ઞાને માને,
જે પ્રભુને જ સર્વસ્વ માને,
જે પ્રભુને જ આધિન રહે.

તેવા જીવો ઉપર પરમાત્મા સર્વપ્રથમ ગુણોનું આધાન કરવાનો મહા ઉપકાર કરે છે. ત્યારબાદ ગુણસ્થાનકે આગળ વધતા જીવો ત્યાંથી પડી ન જાય, તેમના માર્ગમાંથી તેમની ગાડી ઉતરી ન જાય, આગળ વધ્યા કરે તે માટે પ્રભુ તેનું જતન કરે છે. તેનું સંરક્ષણ કરે છે. તેના ધ્યેયની સિદ્ધિ સુધી પ્રભુ પહોંચાડે છે.

અર્જુનની પરીક્ષા હતી. સ્તંભ ઉપર ચક્ર સાથે ફરતી પૂતળીની જમણી આંખ બાણથી વીંધવાની હતી. તે માટે પાણીમાં ઊભા કરેલ સ્તંભ ઉપર બાંધેલ ત્રાજવાના બન્ને પલ્લામાં પગ રાખી નીચે પાણીમાં પડતું પૂતળીનું પ્રતિબિંબ જોઈ ઉપર તરફ બાણ મારી પૂતળીની આંખ વિંધવાની હતી.

અર્જુને શ્રીકૃષ્ણની સલાહ માંગી, યોગીશ્વર શ્રીકૃષ્ણે કહ્યું કે, તારે આ રીતે બાણ ચલાવવાનું છે અને કાર્યની સિદ્ધિ કરવાની છે. ત્યારે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, પ્રભુ જો બધું જ ધ્યાન મારે જ રાખવાનું હોય અને બાણ પણ મારે જ ચલાવવાનું હોય તો આપ મને શું સહાય કરશો ?

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું, જ્યારે તું લક્ષ્ય બાંધતો હશે, અને બાણ છોડવાની તૈયારી કરતો હશે ત્યારે હું પવન ન આવે તેનું ધ્યાન રાખીશ. કારણ સ્થિર થયેલા પાણીમાં જ તું પૂતળીને જોઈ શકીશ. પવનથી પાણી અસ્થિર ન થાય તેની જવાબદારી મારી છે ! આ રીતે શ્રીકૃષ્ણે અર્જુનના યોગ અને ક્ષેમ કરી પરીક્ષામાં ઉત્તીર્ણ કર્યો.

પરમાત્મા આપણને મન-વચન-કાયાની પ્રવૃત્તિ કેવી રીતે કરવી તે શીખવાડે છે અને તે પ્રવૃત્તિ કરતાં પરિણામ પડી ન જાય, ઉત્સાહ ઘટી ન જાય તેનું ધ્યાન રાખી સિદ્ધિ સુધી લઈ જાય છે. પણ શરત એક છે, 'અબ સોંપ દીયા ઈસ જીવન કો ભગવાન તુમ્હારે ચરણોં મેં'. પછી તમે નિશ્ચિંત બની જાઓ.

'યોગ' શબ્દ યુજ્ ધાતુ ઉપરથી બન્યો છે. યુજ્ નો અર્થ છે જોડવું. એટલે કે જે પ્રવૃત્તિ મોક્ષ સાથે જોડી આપે, કનેક્શન કરી આપે તેવી પ્રવૃત્તિને યોગ કહેવાય છે. સામાન્યથી તમામ ધર્મક્રિયાઓ યોગ સ્વરૂપ છે.

મોક્ષ સાથે જ જોડી આપે એવું કેમ? શું સ્વર્ગમાં સુખ નથી ? સ્વર્ગ અપાવે તેવી ધર્મ પ્રવૃત્તિને યોગ નહિ ? જવાબ છે 'ના' !

યોગ એટલે જે ધર્મ પ્રવૃત્તિઓ પ્રભુએ કહી છે તે મુજબ કરવાથી સાક્ષાત્ કે પરંપરાએ પણ મોક્ષ સાથે જોડી આપે જ છે. પરંતુ જે ધર્મકરણી-ક્રિયાઓ માત્ર દેવલોકના સુખો જ આપે પરંતુ અંતે મોક્ષ સુધી ન પહોંચાડે તેને શાસ્ત્રકાર ભગવંતો યોગ કહેવા તૈયાર નથી. તે માત્ર યોગાભાસ છે. તાત્ત્વિક યોગ નથી.

મોક્ષ એટલે એકાંતિક (ત્યાં સુખ અવશ્ય હોય જ) અને આત્યંતિક (આવ્યા પછી જાય નહિ) સુખનું એટલે કે વાસ્તવિક

સુખનું એક માત્ર સ્થાન છે. તે એક એવી અવસ્થા છે કે, આત્મા સકલ કર્મોને ક્ષય કરી શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી અનંતકાળ સુધી તે અવસ્થાને પામે છે.

એક એવી અપૂર્વ અવસ્થા છે જ્યાં આત્મા ઉપર ફરીથી કર્મો બંધાતા નથી.

શુદ્ધ-બુદ્ધ, નિરંજન, નિરાકાર અવસ્થા-આત્માવસ્થા તે મોક્ષ છે. જ્યાં માત્ર શુદ્ધ સ્વરૂપ એવા આત્માનું જ અવસ્થાન છે. જ્યાં શરીર પણ છૂટી જાય છે. આત્મા ઉપરના તમામ કર્મોનો નાશ થતાં આત્મા આવી અવસ્થાને પામે છે. આ જ જીવની સ્વાભાવિક અવસ્થા છે. આત્માની આનાથી શુદ્ધ અવસ્થા બીજી કોઈ નથી.

લોકાંતે બેઠેલા સિદ્ધભગવંતના સ્વરૂપથી આગળ વધીને મેળવવા જેવું આ જગતમાં બીજું કશું રહેતું નથી.

સિદ્ધ અવસ્થા મળી એટલે ભવોનું પૂર્ણવિરામ! સંસાર ઉપર પૂર્ણ વિરામ અને તે જ આત્માની પરિપૂર્ણ વિકસિત અવસ્થા છે. કૃતકૃત્યતા છે. તે પછી આ જીવને કરવા જેવો બીજો કોઈ યોગ રહેતો નથી. ત્યાં ઈન્દ્રિયોનું સામ્રાજ્ય પરિપૂર્ણ રૂપે નષ્ટ થઈ જાય છે. ઈન્દ્રિયોનો અભાવ થઈ જાય છે. જ્યાં તમામ ક્ષયોપશમિક આદિ ભાવો ક્ષાયિક ભાવમાં ટ્રાન્સફર થઈ જાય છે. ૧૩મા ગુણઠાણે તમામ ગુણો અનંતના જથ્થામાં ક્ષાયિકભાવ (ક્યારેય ન જાય તેવા)ને ધારણ કરે છે. ક્ષાયિકભાવ ! એટલે અનંતકાળ સુધી, હંમેશાં-શાશ્વત રહેનારો ભાવ. જ્યાંથી સંસારમાં ફરી ક્યારેય આવવા પણું રહેતું નથી. (અપુનરાગમન) આવી (મોક્ષ) અવસ્થાનો યોગ (સંબંધ) કરી આપનાર રત્નત્રયીની આરાધનારૂપ ધર્મપ્રવૃત્તિ તે યોગ છે.

<u>मुक्खेण जोयणाओ सव्वोवि वावारो जोगोत्ति पवुच्चई</u> (યોગવિંશિકા)

તમને પ્રશ્ન થશે કે, કઈ ધર્મપ્રવૃત્તિ ? કયો ધર્મ ? તો કહે છે, રત્નત્રયીની આરાધના ! જો આત્માનો સંબંધ મોક્ષ સાથે કરવો હોય તો તેના કારણરૂપ રત્નત્રયી સાથે સંબંધ જોડવો પડે ! રત્નત્રયી મોક્ષ સાથે જોડી આપે માટે જ રત્નત્રયીને યોગ કહ્યો છે. રત્નત્રયીની આરાધના તે ધર્મ ! રત્નત્રયી એટલે સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર. આ ત્રણે ધર્મની સિદ્ધિ કરવી એટલે યોગસિદ્ધિ કરવી એટલે યોગસિદ્ધિ તે અહીં કર્તવ્ય કહ્યું છે.

યોગમાર્ગે આગળ વધવા ઈચ્છતા જીવોએ યોગ પૂર્વસેવાના આ કર્તવ્યોનું પાલન કરવું જોઈએ. તેમાં ચાલતા આ ૨૭મા કર્તવ્યની વાત ચાલી રહી છે.

રત્નત્રયીનો યોગ તે આધ્યાત્મિક યોગ છે. રાજયોગથી ભૌતિકસિદ્ધિઓ મળે છે. અધ્યાત્મતો દૂર જ રહે છે.રત્નત્રયીનો યોગ જ વાસ્તવમાં અધ્યાત્મ લાવનાર રાજયોગ છે. તેથી જ મુક્તિ શક્ય બને છે. વિશેષમાં આ યોગ સાધતાં ભૌતિક સિદ્ધિઓ આપોઆપ આવી મળે છે. તેમ છતાં અધ્યાત્મયોગી આવી ભૌતિક સિદ્ધિઓને પોતાના જીવનમાં મહત્ત્વ આપતા નથી.

પ્રભુ જ્યારે સાધનાકાળમાં હતા ત્યારે તુચ્છ લોકોથી કદર્થના પામતા રહ્યા. પ્રભુ મહાયોગના સામ્રાજ્યમાં હોવા છતાં કોઈ ચમત્કારો કર્યા નથી કે પોતાની ઓળખાણ આપી નથી. જ્યારે કેવલજ્ઞાન થયું ત્યારે દુનિયાનું તમામ ટોચ કક્ષાનું ઐશ્વર્ય, ટોચ કક્ષાની સમૃદ્ધિ આપોઆપ ચરણોમાં આવી આળોટવા લાગી. સમોવસરણની શોભા, અષ્ટ પ્રાતિહાર્યો વગેરે ભૌતિક સમૃદ્ધિ ભગવાને ક્યારેય માંગી નથી. જે હતી તેને પણ છોડી પ્રભુ નીકળી ગયા હતા. પ્રભુ સયોગી બનતાં મહાઅધ્યાત્મની સાથે ભૌતિકતાની ટોચ પણ સાથે જ પ્રાપ્ત થઈ.

આમ રત્નત્રયીની સાધના તે યોગ છે. પ્રભુને તે સહજ સિદ્ધિ થઈ ગઈ.

આ છે યોગનો પ્રભાવ ! અધ્યાત્મ યોગીઓને ભૌતિક સામગ્રીઓ અને ભૌતિક સિદ્ધિઓ સાવ તુચ્છ લાગે છે. આત્મશુદ્ધિ થતાં અધ્યાત્મયોગ સધાય છે. જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને આ આત્મશુદ્ધિનો માર્ગ તે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના છે. તે જ યોગ છે. તે જ ધર્મ છે. તત્ત્વાર્થ સૂત્રમાં પૂર્વધર પૂ.ઉમાસ્વાતિજી કહે છે. ''દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'' દર્શન, જ્ઞાન અને ચારિત્ર જ્યારે એકબીજામાં મળી જાય - ભળી જાય પછી મોક્ષ નામની અપૂર્વ ઘટના ઘટે છે. જે આત્માની સર્વકર્મ રહિત અવસ્થા કહેવાય છે.

એકલો જ્ઞાનયોગ કે એકલો દર્શનયોગ મોક્ષ ના આપી શકે. જ્ઞાન સાથે સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્ર પણ જોઈએ જ. 'તિન્નિ સમાયોગે મોક્ખો ભણિયો' આ ત્રણનું સંમિલન થાય ત્યારે મોક્ષમાર્ગ તૈયાર થાય ત્યારબાદ મોક્ષ થાય.

મોક્ષને લાવી આપનાર યોગો જ (ધર્મકરણીઓ) જૈન દર્શનને ઈષ્ટ છે. આવો યોગ પૂર્વના ભવોમાં થયો નથી. માટે આપણો મોક્ષ પણ થયો નથી. ભૌતિક યોગો અને વિદ્યાઓ, ચમત્કારો અને વિજ્ઞાનો જન્મપૂરો થતાં જ નષ્ટ થઈ જાય છે. નવા જન્મમાં માત્ર સંસ્કારો જ સાથે આવે છે. સામાન્ય તયા જ્ઞાન પણ નવા ભવમાં સાથે નથી આવતું. હા ! જ્ઞાન જે પરિણત થયું છે, આચરણમાં આવવાથી જે સંસ્કારો નિર્માણ થયા છે, તે પરિણતિ અને સંસ્કારો નવા જન્મમાં સાથે આવી નિમિત્ત મળતાં બહાર આવે છે !


**આગામી પર્યુષણ એલર્ટ યુવાનો સાથે :**

જે જૈન સંઘોમાં પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોના ચાતુર્માસાદિ નથી તેવા શ્રીસંઘોએ પર્યુષણ મહાપર્વની આરાધના કરવા ફોર્મ ભરી મોકલવા વિનંતી છે. પરિસ્થિતિ અનુકૂળ હશે તો જ યુવાનો પર્યુષણ માટે આવશે તેની નોંધ લેશોજી.

**સંપર્ક : હેમલ શાહ - 99799 65301,**
**હેતલ શાહ : 94274 17299**
**C/o. અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ, મુંબઈ-અમદાવાદ.**



પ્રિય અક્ષય...

ગર્ભપાત રોકવા માટે ઈ.સ. ૧૯૫૦માં સ્ટીલ બેસ્ટોલ વપરાતું હતું. એનું રીએક્શન એવું આવ્યું કે ગર્ભો તો અટક્યા નહિ પણ જન્મ પામનારા સંતાનોને યોનિના કેન્સર થયાં. આવા કેન્સરથી રીબાતા સંતાનોએ દવાની કંપની સામે કેસ કરીને વળતર માંગ્યું હતું.

મેં રોગોને ચાર વિભાગમાં વહેંચ્યા છે. ૧. કર્મોએ આપેલા રોગો. ૨. ટેન્શનથી આવતા રોગો. ૩. વેચાતા લીધેલા રોગો. ૪. વ્યસને આપેલા રોગો.

**૧. કર્મોકૃત દર્દો :** માણસ ખૂબ જ સાવધાની, સાદાઈ અને સદાચારથી જીવતો હોવા છતાંય ક્યારેક પૂર્વકૃત પાપકર્મના ઉદયે રોગો પેદા થાય છે.

**૨. ટેન્શનકૃત દર્દો :** આધ્યાત્મિક સમજ, સત્સંગ, સંતોષ આદિ નહિ હોવાના કારણે નાહકની ફોગટ ચિંતાઓ કરવાથી મોટા ભાગના રોગો પેદા થતા હોય છે. હાર્ટ-એટેક, બ્લડપ્રેશર, ડાયાબીટીશ આદિ મોટમોટા રાજરોગો ચિંતામાંથી જ પેદા થાય છે.

**૩. વેચાતા લીધેલા દર્દો :** કેટલાક રોગો માણસ હોટલ, રેસ્ટોરંટ, પાંવભાજીની લારીઓ તથા આઈસ્ક્રીમ પાર્લરો પર પૈસા આપીને વેચાતા લઈ આવે છે. ટેસટ્રબલ, પેટમાં ચાંદા, મોંઢામાં અવાળો, કોલાઈટીસ, મસા, કબજીયાત, પિત્ત, માથાનો દુખાવો વગેરે દર્દો હોટલો અને લારીઓના પદાર્થો ખાવાથી પેદા થાય છે.

**૪. વ્યસનદત્ત દર્દો :** જવાનીના જોશમાં આવીને માણસો પાનપરાગ, તમાકુ, બીયર, વીસ્કી, બ્રાન્ડી આદિ વ્યસનના રસ્તે ચઢી જાય છે. આ વ્યસનો પ્રારંભમાં માણસને જોમ અને જુસ્સો આપે છે અને અંતમાં દર્દો અને મોત આપે છે. જીભના કેન્સર, ફેફસાના દમ, લીવરની બીમારી, કીડનીની બીમારી અને નપુસંકતા આદિ દર્દો વ્યસનો દ્વારા પેદા થાય છે.

આવા દર્દો માણસની જીંદગીનો આખો માળો પીંખી નાંખે છે. પહાડ જેવા પુરુષોને પણ રોગો કબૂતરની જેમ ફેંદી નાંખે છે. તમે જસલોક, ટાટા કે બોમ્બે હોસ્પિટલના જનરલ વોર્ડમાં જઈને નજર કરશો તો કેટલાય સિંહો બકરૂં બનીને પથારી પર આરામ ફરમાવતા તમને જોવા મળશે. કાળી ભમ્મર દાઢી, હાથમાં સ્ટીલની રીંગ, ગળામાં જાડી સોનાની સાંકળ ધારણ કરનારા કદાવર કાયાવાળા કેટલાય જોરાવરસિંહોને મેં નજરોનજર રીબાતા જોયા છે. પંચરત્ન એપાર્ટમેન્ટની વૈભવી ડાયમંડ ઑફિસમાં ખુરશી પર બેઠા બેઠા હાર્ટ-ઍટેકના એક જ ઝાટકામાં ઉપડી જનારાની સંખ્યા નાની સૂની નથી. હજુ તો ચાલીસ વર્ષ થયા ન થયા અને સ્વાહા થઈ જનારા યુવાનો ઘણા છે. ધંધાની ચિંતાઓ જ્યારે મન પર સવાર થઈ જાય છે, ઘણા શેરદલાલોને શેરબજારના ઈંડેક્ષની હારોહાર બ્લડપ્રેશરના ઈંડેક્ષની વધઘટ થયા કરે છે. ઑફિસ બંધ કર્યા પછી પણ જે લોકો પોતાના માઈંડમાં ચોવીસે કલાક ઑફિસની કાર્યવાહી ચાલુ રાખે છે. તેમને ડાયાબીટીશ થયા વિના રહેતો નથી. ડૉક્ટર કહે છે કે બ્લડમાં શુગર ભળી ગઈ છે. હું કહું છું કે બ્લડમાં બિઝનેસ ભળી ગયો છે. ડૉક્ટરોનો રીપોર્ટ ખોટો છે. તમે ફરી લેબોરેટરીમાં ચેકઅપ કરાવો તો ખબર પડશે કે લોહીમાં કેટલા પરસન્ટેઝ બિઝનેશ ભળ્યો છે.

હમણાં આર્થાઈટીશ એટલે વાનો દુખાવો વ્યાપક બનવા લાગ્યો છે. ઢીંચણ અને કેડનાં હાડકાં કાચાં પડવા મંડ્યાં છે. મેં ગોવાલિયાટેંકમાં ચોમાસાનો પ્રવેશ કર્યો ત્યારે પ્રવચનખંડમાં ૨૫ ખુરશીઓની લાઈન કરવામાં આવેલી. ઉપાશ્રયના પાંડુને પૂછ્યું કે આટલી બધી ખુરશી કોના માટે છે. અહિં કયા પ્રધાન પધારવાના છે. સાહેબ ઘણા બેનો કમ્મરની તકલીફવાળા છે. એક પણ ચેર ખાલી રહેશે નહિ. સપ્તાહ બાદ એક ટેમ્પો આવ્યો અને બીજી બે ડઝન ખુરશીની ડીલીવરી આપી ગયો. મહેતાજીને પૂછ્યું આ શું કર્યું. સાહેબ માણસ વધવા માંડ્યું છે. ખુરશી ઓછી પડે છે. તકલીફવાળા ઘણા છે, ચારેકોર આગની જેમ ફેલાઈ ગયેલા આ આર્થાઈટીશ નામના રોગના મૂળમાં પડેલા ચાર કારણો ડૉક્ટર સાહેબે શોધી કાઢ્યા છે. તમે જેને ઉંમરના ઘસારા કહો છો એને ડૉક્ટર મનના ઘસારા કહે છે.

ડૉક્ટર કહે છે આર્થાઈટીશ થવામાં પ્રથમ કારણ છે **લગ્ન વિચ્છેદ.** જે લોકોના ડાયવોર્સ થાય તે લોકો એવી ગહરી ચિંતામાં ઉતરી પડે છે કે જેના કારણે આ રોગ થાય છે.

બીજું કારણ છે **આર્થિક તંગી.** સખત મોંઘવારીમાં જ્યારે બે ટાંટીયા ભેગા નથી થઈ શક્તા ત્યારે સતત ચિંતાઓથી સાચ્ચે જ માણસના ટાંટીયા તૂટી જાય છે. હું તો પહેલેથી જ તમને કહેતો આવ્યો છું કે આવકો ઓછી હોય તો અપેક્ષાઓ મોટી ન રાખો. આજે બધાને હીરો દેખાવું છે. સમાજમાં વટ પાડવો છે. સામાન્ય માણસને પણ બધી સગવડો જોઈએ છે. મુંબઈ-ડોમ્બીવલી, ભાયંદર અને મીરાંરોડથી લોકલ ટ્રેનમાં આવનારા લોઅર અને મીડલ ક્લાસવાળા અને વાલેકશ્વર જેવા એરીયામાંથી એ.સી.કારમાં આવનારા અપર ક્લાસવાળા શ્રીમંત નબીરાઓ બેઉ જણા જ્યારે માર્કેટમાં ભેગા થાય ત્યારે બધા ક્લાસ ભૂંસાઈ જાય છે. ત્રીજુ **એકલાપણું** અને ચોથું **દીર્ઘ ક્રોધ કષાય.**

આ બધા ભેગા થઈ માણસમાં માર્થાઈટીશ જેવા રોગોનું નિર્માણ કરે છે. માણસને ચોવિસ કલાક બેચેન રાખે છે. ચીડીયો બનાવી દે છે. આ બધાથી બચવાના ઉપાયો છે. તમે ધર્મને શરણે જાઓ.

# આતમ ઝંખે છૂટકારો...

## પવ્વેસુ પોસહ વયં

ગણધર ભગવંત રચિત મન્હજિણાણં ની સજ્ઝાયના આધારે આપણી આ લેખમાળા ચાલી રહી છે. પાંચ ગાથાની આ સજ્ઝાયમાં ભગવંતે શ્રાવકને કરણીય ૩૬ કર્તવ્યોની શ્રૃંખલા મૂકી છે. જે શ્રાવકો આ શ્રૃંખલાને પકડી પોતાના જીવનમાં આદરપૂર્વક આચરણ કરે છે. તેઓ ભાવશ્રાવકો બની ઝડપથી મુક્તિમાર્ગને પામી જાય છે.

છ આવશ્યકોમાં પ્રતિદિન ઉદ્યત રહેવું તે પ્રભુની આજ્ઞા છે. આ છ આવશ્યકો અહીં ક્રમસર જોવાયા. શ્રાવકની કક્ષા તે પમું દેશવિરતિ ગુણઠાણું છે. આ ભૂમિકાએ પહોંચેલા શ્રાવકોને તમે વ્યસન છોડો, દારૂ છોડો કે હોટલમાં જવાનું છોડો. આદિ સલાહ ન અપાય કે આવા ઉપદેશ તેના માટે અપમાનજનક છે. તેની ભૂમિકા હવે ધર્મમાર્ગમાં રહી આત્માની શુદ્ધિ અને પુષ્ટિ કરવાની છે. વ્યસન-ફેશનની ભૂમિકા નીચા સ્તરે છે અને લોકોનો મોટોભાગ તેમાં જ અટવાય છે. પ્રભુની આજ્ઞા સમજે, સમ્યક્ત્વને ધારણ કરે તો ધર્મમાર્ગે તેનું પ્રયાણ થાય.



જો લોકો સાવ તુચ્છ આનંદને છોડે અને બે ઘડી સાચા આનંદની શોધ કરે તો તેમના જીવનમાં બદલાવ આવે. જેણે સાચા આનંદની ઈચ્છા થઈ છે, જેને તત્ત્વ જાણવાની ઈચ્છા થઈ છે, સંસારનો રસ થોડોક ઘટ્યો છે અને ધર્મનો રસ અંતરમાં દાખલ થયો છે, તેવા જીવો માટે આ કર્તવ્યો કરણીય છે. એટલે કરવા જ જોઈએ.

૯મું 'પચ્ચક્ખાણ' કર્તવ્ય જોયા પછી હવે દસમું કર્તવ્ય આવે છે, શ્રાવકે પર્વતિથિ એ પૌષધવ્રત કરવું જોઈએ. પર્વતિથિ એટલે શું ? તે કેટલી છે ? ક્યારે આવે ? તે તિથિએ પૌષધ આદિ ધર્મ કરવાથી શું ફળ મળે ? વગેરે વાતો અહીં વિચારશું.

જૈન શાસ્ત્રપદ્ધતિ પ્રમાણે ચંદ્રની નીચે રાહુનું વિમાન ફરે છે. બન્નેની ગતિ ઓછીવત્તી હોવાથી રાહુનું વિમાન ક્રમશઃ ચંદ્રને ઢાંકતું જાય છે. જેમકે પૂર્ણિમાના બીજા દિવસથી રાહુનું વિમાન ચંદ્રમાના અમુક ભાગને ઢાંકે છે. તે ૧૫ દિવસમાં અમાસ આવતાં ચંદ્ર લગભગ આખો ઢંકાઈ જાય છે. ત્યારબાદ સુદ એકમથી ચંદ્રને ખુલ્લો કરતું જાય છે. આમ ચંદ્રના ૬૨ભાગ કલ્પવામાં આવ્યા છે અને તેમાંના ૪-૪ ભાગની એક કલા ગણવામાં આવી છે. એટલે ૧૫ કલા ૪-૪ ભાગની થશે. જ્યારે ૧૬મી કલા ૨ ભાગની થશે. આ ૨ ભાગ એટલે કે સોળમી કળા રાહુથી ક્યારેય ઢંકાતી નથી.

આમ રાહુના વિમાન વડે ચંદ્રની ૧ કલા જેટલા સમયમાં ઢંકાય કે ખુલ્લી થાય તે એક તિથિનું માપ થાય છે. આ જૈનશાસ્ત્ર મુજબનું માપ છે. આમ 'એક તિથિ' એટલે ૧કળા ઢંકાતા ૬૧/૬૨ અહોરાત્ર થાય. કલાકમાં ગણિત કરતાં ૨૩ કલાક અને ઉપર ૩૬-૩૭ મિનિટનો સમય થાય. ટુંકમાં શાસ્ત્રીય માપ મુજબ તિથિ ૨૪ કલાકથી નાની છે.

પરંતુ હાલ જૈનશાસ્ત્રીય પંચાંગ વિચ્છેદ થયેલું છે. તેથી અત્યારના લૌકિક પંચાંગનો આશરો લઈ તિથિનું માપ વગેરે ગણાય છે. ઉપર વાત કરી કે જૈન પદ્ધતિ મુજબ, જૈન પંચાંગ મુજબ, ચંદ્ર અને રાહુના ભ્રમણથી થતા સમયના ફેરફારથી તિથિ નક્કી થાય છે. પરંતુ લૌકિક પંચાંગો સૂર્ય અને ચંદ્રના ભ્રમણથી થતા સમયના ફેરફારથી તિથિનું માપ-તિથિ નક્કી કરે છે.

આધુનિક વિજ્ઞાન પૃથ્વીથી ચંદ્રને નજીક માને છે અને સૂર્યને દૂર માને છે. જ્યારે જૈન શાસ્ત્ર સમતલા પૃથ્વીથી આઠસો યોજન ઉપર સૂર્યનું વિમાન રહેલું છે, તેવું જણાવે છે અને તેના ઉપર ૮૦ યોજન દૂર ચંદ્રનું વિમાન રહેલું છે. આ બન્ને વિમાનો સ્વયં પ્રકાશિત છે. વિશેષમાં સૂર્યનું શરીર આ તપ નામ કર્મના ઉદયથી અનુષ્ણ એટલે ન ગરમ ન ઠંડુ હોય છે, જ્યારે તેમાંથી નીકળતા કિરણો ઉષ્ણ હોય છે. કલ્પસૂત્ર નામના પવિત્ર ગ્રંથમાં સૂર્યમાંથી કયા મહિનામાં કેટલા કિરણો નીકળે છે તેની સંખ્યા પણ બતાવવામાં આવી છે. જેમકે, આસો મહિનામાં ઉત્કૃષ્ટ ૧૬૦૦ કિરણો હોય છે.અર્થાત્ સૂર્ય તે વખતે **સોળે કળાએ ખીલે છે.**

તેવી રીતે ચંદ્રનું શરીર 'ઉદ્યોત' નામ કર્મના ઉદયથી શીત છે અને તેમાંથી નીકળતા કિરણો પણ શીત છે. વળી વિજ્ઞાન ચંદ્રને સ્વયં પ્રકાશિત માનતું નથી. પરંતુ સૂર્યનો પ્રકાશ ચંદ્ર ઉપર પડવાથી ચંદ્રના કિરણો પૃથ્વી ઉપર આવે છે તેવું માને છે.

જૈન શાસ્ત્રોની વાતો જેમ કે, સૂર્ય-ચંદ્ર વિગેરે જ્યોતિષના ગ્રહો મેરૂપર્વતની આસપાસ ફરે છે અને તેનો પ્રકાશ પૃથ્વી ઉપર આવે છે વિગેરે પૂ.પંન્યાસશ્રી **અભયસાગરજી** મહારાજે તર્કથી પણ આ વાતો સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. તે ખૂબ પ્રશંસનીય છે. પરંતુ હાલતો આ વાતો માત્ર જ્ઞાનીઓને જ અનુભવ સિદ્ધ છે, આપણે તિથિની વાત ઉપર આવીએ.

વિજ્ઞાન પ્રમાણે જ્યારે આકાશમાં ભ્રમણ કરતા સૂર્ય અને ચંદ્ર પૃથ્વી ઉપર જ્યારે એક સાથે ઉદયમાં (ઉગે છે.) આવે છે ત્યારે સૂર્યનો પ્રકાશ ચંદ્ર ઉપર ન પડવાથી તે દિવસ 'અમાસ' ગણાય છે. એટલે કે પંચાંગમાં અમાસ (૦))) લખાય છે. ત્યારે ચંદ્ર દેખી શકાતો નથી. પણ સૂર્યની નજીક અમુક અંશમાં હોય છે ખરો. સાંજે બન્ને લગભગ સાથે જ આથમી જાય છે.

બીજા દિવસથી સાંજે સૂર્ય વહેલો આથમે છે જ્યારે ચંદ્રની ગતિ વધારે હોવાથી સૂર્યાસ્ત પછી પણ અમુક ભાગ ચંદ્રનો દેખાતો હોય છે. (જે કદાચ નરી આંખે દેખાતો નથી.) ૪૮

મિનિટ પછી ચંદ્ર પણ અસ્ત થાય છે. આ દિવસને સુદ-૧ કહેવાય છે. તે દિવસે સૂર્ય-ચંદ્ર વચ્ચે ૧ ૨ અંશનું અંતર પડે છે. આ રીતે દરરોજ ૧ ૨ અંશનું અંતર વધતું જાય છે. મહિનામાં કુલ ૩૦ x ૧ ૨ ૩૬૦ અંશનું અંતર પડે છે. એટલે કે સૂર્ય-ચંદ્ર એક જ જગ્યાએ આવે છે. એ દિવસને અમાસ કહેવાય છે.

૧૫ દિવસે બન્ને વચ્ચે ૧૮૦ અંશનું અંતર પડવાથી જ્યારે સૂર્ય પશ્ચિમમાં અસ્ત થતો હોય ત્યારે સામા છેડે પૂર્વમાં બરાબર ૧૮૦ અંશે ચંદ્રનો ઉદય થાય છે. ત્યારે તે દિવસ પૂનમ કહેવાય છે. ચંદ્ર પૂર્ણ રીતે ખીલે છે.

આમ લૌકિક પંચાંગ ''જન્મભૂમિ પંચાંગ'' પ્રમાણે સૂર્ય-ચંદ્ર વચ્ચે રોજ જે ૧ ૨-૧ ૨ અંશનું અંતર પડે છે તે અંતર તિથિનું માપ છે એટલે ૧૫ દિવસમાં ૧૮૦ અંશનું અંતર પડે છે. આ અંતરને વર્તમાનના કલાકમાં ઢાળીએ તો તિથિ ક્યારેક ૨૧ કલાકથી લઈ ૨૭ કલાકની પણ થાય છે. એટલે નોંધનીય તો એ છે કે જૈનશાસ્ત્રની જેમ તિથિ ૨૪ કલાકથી ઓછી (નાની) જ હોય એવું નથી, વધારે પણ હોય.

હવે તમને સમજાશે કે, તિથિઓની ક્ષય (ઘટ) અને વૃદ્ધિ (વધ) કેમ થાય છે. હવે આ લૌકિક (જન્મ ભૂમિપંચાંગ)ના આધારે જો કોઈ તિથિ ૨૪ કલાકથી વધી જાય અર્થાત્ બીજા દિવસના સૂર્યોદય સુધી જો તે તિથિ રહે તો તે દિવસે (બીજા દિવસે) પણ એ જ તિથિ ગણવી એવો કાયદો છે.

उदयम्मि जा तिही, सा पमाणमिअरीई कीरमाणीए।

आणा भंगणवत्था-मिच्छत्त विराहणं पावे ॥

અર્થ : સૂર્યના ઉદય વખતે જે તિથિ હોય તે જ તિથિ આખો દિવસ કરવી. જો તે સિવાયની કરવામાં આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્ત્વ અને વિરાધના આમ ચાર દોષો લાગે.

દા.ત. આજે સોમવારે ૬-૩૦ કલાકે ૪થ તિથિ છે અને તે ૨૫ કલાકની છે એટલે મંગળવારે પણ સ.૬-૩૦ કલાકે ૪થ ચાલુ હશે. જે ૭-૩૦ કલાકે પૂરી થઈ. પાંચમ તિથિ આવી જશે. એટલે હવે મંગળવારના દિવસે બે તિથિઓ આવી, ૪થ માત્ર ૧ કલાક છે. જ્યારે આખો દિવસ તો પાંચમ છે તો હવે કઈ તિથિ માનવી. એના માટે ઉપરનો કાયદો કર્યો કે ભાઈ, ઉદય વખતે જે તિથિ હોય, તે જ માનવી. આ જ્ઞાની ભગવંતોનું સમાધાન છે.

આનાથી ઉલટું જો તિથિ ૨૪ કલાક કરતાં નાની હોય તો દા.ત. સોમવારે સુદ-૩ સૂર્યોદય વખતે હતી. પછી ચોથ ચાલુ થઈ તે ચોથ મંગળવારના સૂર્યોદય પૂર્વે જ (નાની હોવાથી) પૂરી થઈ ગઈ અને સૂર્યોદય વખતે પાંચમ ચાલુ થઈ ગઈ. તો હવે મંગળવારે પાંચમ તિથિ ગણાશે. એટલે સોમવારે ત્રીજ, મંગળવારે પાંચમ, તો ચોથ ક્યાં ગઈ ? તો કહેવાય છે કે, ૪થનો ક્ષય થયો. ઉપરના દાખલામાં ચોથની વૃદ્ધિ હતી એટલે બે ચોથ હતી. આટલું સમજ્યા પછી હવે આગળ.

એક વાત ધ્યાનમાં રાખવી, આપણે પર્વ તિથિની વાત કરવાની છે. કારણ પર્વતિથિએ પૌષધ કરવો તે કર્તવ્ય છે હવે. આપણા દુર્ભાગ્યે જૈન પંચાંગનો વિચ્છેદ થયેલો હોવાથી શ્રીસંઘે લૌકિક પંચાંગનો ઉપયોગ શરૂ કર્યો, જેમાં તિથિઓની ક્ષય વૃદ્ધિઓ આવે છે.

તિથિ બે પ્રકારની છે એક પર્વતિથિ બીજી અપર્વ તિથિ. મહિનામાં આવી ૩૦ તિથિ આવે અને લૌકિક પંચાંગના આધારે ક્યારેક કોઈક તિથિનો ક્ષય પણ આવે અને વૃદ્ધિ પણ આવે. તે તિથિઓ સુદ-૧ થી પુનમ અને વદ-૧ થી અમાસ આ ત્રીસ તિથિઓ પૈકી જૈનશાસ્ત્રમાં કુલ ૧ ૨ તિથિઓને ''પર્વતિથિ''ઓ કહેવાઈ છે અને આ બાર તિથિએ વિશેષ આરાધના કરવી. તે શ્રાવકનું કર્તવ્ય બને છે. બાકીની અપર્વ તિથિઓ છે. સંવત્સરીની ચોથ તે મહાપર્વ તિથિ છે. જો બાર તિથિએ આરાધના ન કરી શકો તો તેનાથી ઓછી કરતાં છેવટે પાંચ તિથિની આરાધના તો સંઘમાં બધે જ લગભગ થાય છે. તે બાર તિથિ કઈ ? તો તે સુદની ૨, ૫, ૮, ૧૧, ૧૪ અને પુનમ કુલ ૬, તે રીતે વદ પક્ષની ૨, ૫, ૮, ૧૧, ૧૪ અને અમાસ કુલ ૬ આખા મહિનાની કુલ ૧૨ અને વરસની ૧૪૪ તિથિની આરાધના છે. તેમાં એકપણ તિથિ છોડવાની નથી. જે પાંચ તિથિ કરે છે તેના માટે સુદ પક્ષની ૫, ૮, ૧૪ અને વદ પક્ષની ૮, ૧૪ સ. કુલ - ૫.

હવે પર્વતિથિએ પૌષધ કરવાની વાત. સમજો સુદ-૫ની તિથિનો લૌકિક પંચાંગમાં ક્ષય આવ્યો. તો હવે આરાધના ક્યારે કરવાની ? પાંચમ નથી તો શું આરાધના છોડી દેવાની ? ના, આરાધના અખંડ રહે તે માટે પૂર્વધર એવા મહાજ્ઞાની વાચક 'ઉમાસ્વાતીજી' મહારાજે પ્રઘોષ આપ્યો કે,

क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा।

श्री वीर निर्वाणं कल्याणं, कार्या लोकानुगैरिति ॥

**અર્થ :** ''(કોઈપણ) પર્વતિથિનો ક્ષય આવે તો તેના પૂર્વની તિથિનો ક્ષય કરી ક્ષયવાળી પર્વ તિથિને ત્યાં કરવી અને વૃદ્ધિ આવે તો બીજી તિથિને પર્વતિથિ કરવી. શ્રી વીરપ્રભુનું નિર્વાણ કલ્યાણક (દિવાળી) લોકોને અનુસરીને કરવું.''

શ્રીસંઘે જ્યારે લૌકિક (જન્મભૂમિ વિગેરે) પંચાંગ સ્વીકાર્યા તે ઉપરના કાયદાથી સંસ્કાર કરીને ઉપયોગ કરવાપૂર્વક સ્વીકાર્યા છે. એટલે કે અપર્વ તિથિનો ક્ષય કે વૃદ્ધિ આવે તો ભલે આવે એમાં સંઘની આરાધનાનો પ્રશ્ન નથી આવતો પરંતુ જ્યારે પર્વતિથિ કે જેમાં તપ-જપ-પૌષધ-બ્રહ્મચર્યવ્રત આદિથી આરાધના કરવાની છે. ત્યારે તેનો ક્ષય કે વૃદ્ધિ આવે તો ઉપરના પ્રઘોષનો ઉપયોગ કરીને પંચાંગ સુધારવું. અર્થાત્ જન્મ ભૂમિમાં જો સુદ-૫ ન હોય તો ૪થની જગ્યાએ પાંચમ કરી, ૪થનો ક્ષય કરી, તે દિવસે પાંચની આરાધના કરવી. તે રીતે બે પાંચમ આવે તો પહેલી પાંચમને ૪થ કરવી. તે પછી ભલે બે ચોથ થાય અને બીજી પાંચમની

## સંક્ષિપ્ત સમાચાર

## હિમ્મતનગરમાં દીક્ષા મહોત્સવ

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પ્રવચનકાર પૂ.પં.શ્રી **હૃદયરત્ન** વિ.મ.સા. આદિ ઠાણા-૭ની હિંમતનગરમાં સ્થિરતા દરમ્યાન **શ્રી સોસાયટીનગર શ્વે.મૂ.પૂ.જૈન સંઘ** તરફથી **મુમુક્ષુ હાર્દિક**ના દીક્ષા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેઠ સુદ-૭, તા.૧૭-૬-૨૧, ગુરુવારના રોજ રાત્રે ૭ થી ૯ હિમ્મતનગરની મહાવીરનગર, ઍલર્ટનગર તથા બગીચા વિસ્તારની પાઠશાળાના બાળકો તરફથી નૃત્ય તથા નાટિકાનો સુંદર સ્ટેજ કાર્યક્રમ થયો હતો. આમંત્રિત મહેમાનો તથા મુમુક્ષુના મુંબઈથી પધારેલ સ્વજનોની ઉપસ્થિતિમાં બાળકોએ સુંદર રજૂઆત કરી હતી. દીક્ષાર્થીના પરિવાર તરફથી દરેક બાળકોને પ્રભાવના આપવામાં આવી હતી.

જેઠ સુદ ૮, તા.૧૮-૬-૨૧, શુક્રવારના રોજ બપોરે ૨ થી ૫ બહેનોની સાંજી તથા વસ્ત્ર રંગવાનો કાર્યક્રમ પૂ.સાધ્વીશ્રી **જયપ્રજ્ઞાશ્રીજી મ.** તથા પૂ.સા.શ્રી **અધ્યાત્મરેખાશ્રીજી મ.** આદિ ૭ ઠાણાની નિશ્રામાં રાખવામાં આવ્યો હતો. ઍલર્ટ **બ્રાહ્મી-સુંદરી, આદિનાથ મંડળ** તથા સંઘની બહેનોએ સુંદર વ્યવસ્થા કરી હતી. રાત્રે ૭ થી ૯ દીક્ષાર્થીની વિદાયનો સુંદર કાર્યક્રમ થયો હતો. મુમુક્ષુને 'લબ્ધિ બંગલો' **ગૌતમભાઈ** તથા **ગિરીશભાઈ**ના નિવાસેથી વાજતે-ગાજતે ઉપાશ્રયમાં લાવ્યા બાદ વિદાયગીતો તથા સંવેદનાઓથી શ્રોતાઓના દિલ ભીના ભીના બની ગયાં હતા. મુમુક્ષુએ પણ સુંદર વક્તવ્ય આપી ચારિત્ર ધર્મ ઉપર સંવેદના કરી હતી.

જેઠ સુદ ૯, તા.૧૯-૬ શનિવારે સવારે ૬-૩૦ કલાકે શાંતિનાથ જિનાલયમાં મૂળનાયક ભગવાન ઉપર દીક્ષાર્થી સાથે સામૂહિક સ્નાત્ર અભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારે ૮-૩૦ કલાકે દીક્ષાર્થીને વર્ષીદાન કરતાં કરતાં ઉપાશ્રયે લાવવામાં આવ્યા હતા. સવારે ૯-૧૫ કલાકે વિશાળ ઉપાશ્રયના હૉલમાં દીક્ષાની ક્રિયા રાખવામાં આવી હતી.

દીક્ષાર્થીએ પ્રભુને આભૂષણ પૂજા કરી ગુરુને વધામણાં, શ્રીસંઘને વધામણાં કરી **માતા સુરેખાબેન** વિ.વડીલોને અક્ષતથી વધામણાં કર્યા હતા. ત્યારબાદ વિદાય તિલકની ઉછામણી લેનાર **શ્રી બાબુલાલ ચંદુલાલ પરિવારે** દીક્ષાર્થીને વિદાય તિલક કરી સંયમના માર્ગે વિદાય આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ દીક્ષાર્થીને સામાયિકના ઉપકરણ **સમીરભાઈ એન્જીનીયર પરિવાર** તરફથી અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીએ દીક્ષાની ક્રિયા કરાવી સમયસર ઓઘો દીક્ષાર્થીને અર્પણ કર્યો હતો.

શ્રીસંઘમાં દીક્ષાના ઉપકરણોની સુંદર ઉછામણી થઈ હતી. મુનિવેષમાં દીક્ષિત પધારતાં લોચ તથા સર્વવિરતી સામાયિક ઉચ્ચરાવવાની વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ બપોરે દોઢ વાગે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

નૂતન દીક્ષિતનું નામ દીક્ષાર્થીના પરિવાર **માતા સુરેખાબેન** તથા ભાઈ **જીજ્ઞેશભાઈ** તરફથી નૂતન **મુનિશ્રી હેતર્ષિરત્ન વિજયજી** પૂ.પં.શ્રી **હૃદયરત્ન** વિ.મ.ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. પૂજ્યપાદ આ.શ્રી **હેમરત્નસૂરિજી** મ.ના પરિવારના ૧૭મા શિષ્ય બન્યા હતા.

ત્રિદિવસીય દીક્ષા મહોત્સવમાં સંઘનું ઉત્સાહિ ટ્રસ્ટીગણ તથા **શ્રી મનિષભાઈ હસમુખભાઈ શાહ** તથા **શ્રી પિનાકીનભાઈ ચીનુભાઈ શાહ** પરિવારે સુંદર લાભ લીધો હતો. ગુરુભક્ત પરિવાર તરફથી સમસ્ત હિમ્મતનગરના ૪૩૦ ઘરોમાં તથા પૂજારીઓ, આવેલા મહેમાનો માટે તથા અન્ય મળી ૫૦૦ ગ્રામના ૫૫૦ પેકેટ મોહનથાળના સ્પેશ્યલ કેસર-એલચીવાળા બનાવી ઘરે ઘરે પહોંચાડવામાં આવ્યા હતા. સ્વામિવાત્સલ્ય સ્વરૂપ મિષ્ટ ભોજન સહુને કરાવવામાં આવ્યું હતું.

દીક્ષાની સાથે **સમકીતભાઈ હીંગવાળા**એ પણ વિધિ સહિત ૧૨ વ્રતો ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે ૫૦ જેટલા દીક્ષાર્થીના સ્વજનો મુંબઈ તથા સુરતથી પધાર્યા હતા. સાધર્મિકવત્સલ **શ્રી કલ્પેશભાઈ,** તપસ્વીરત્ન **શ્રી પ્રકાશભાઈ વસા,** ઍલર્ટ સરસેનાધિપતિ **શ્રી પ્રકાશભાઈ** (નડીયાદ) તથા **શ્રી પલકભાઈ** આદિ પણ અમદાવાદથી પધાર્યા હતા.

દીક્ષા બાદ મહેમાનો તથા આમંત્રિત મહેમાનો માટે સાધર્મિકભક્તિ રાખવામાં આવી હતી. ત્રણે કાર્યક્રમોમાં સંઘના જ યુવાનો ઍલર્ટ **જૈમિન શાહ** તથા **સાગર શાહે** સુંદર સંગીત પીરસ્યું હતું તથા ઍલર્ટ **ડો.પ્રક્ષાલ મહેતા**એ સુંદર ઍંકરિંગ કરી લોકોના દિલ જીતી લીધા હતા.

દીક્ષા બાદ જે.સુ.૧૦ના સાંજે નૂતન દીક્ષિત સાથે પૂજ્યોએ અમદાવાદ તરફ વિહાર કર્યો હતો.

ત્રણે દિવસ શ્રીસંઘના ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. ટ્રસ્ટીગણે પણ તન-મન-ધનથી પ્રસંગને સુંદર રીતે પાર પાડ્યો હતો.

ત્યારબાદ નૂતન દીક્ષિતની વડીદીક્ષા અમદાવાદ મુકામે પૂજ્યપાદ આ.શ્રી **જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મ. તથા વિદ્વદ્વર્ય પૂ.આ.શ્રી **અભયચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની તથા પ.પૂ.આ.શ્રી **હીરચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની પાવનનિશ્રામાં પંકજ સોસાયટી, સ્મૃતિમંદિર-પાલડી મુકામે જેઠ વદ ૮, તા.૨-૭-૨૧ના રોજ સંપન્ન થઈ હતી.

ત્યારબાદ પૂજ્યોનો અ.સુ.૧, તા.૧૧-૭-૨૧નો શ્રી નવકાર જૈન સંઘ-વાસણામાં ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

આરાધના કરવી. આવી રીતે શ્રીસંઘે આરાધના ગોઠવી. બારે પર્વ તિથિની આરાધના સેટ કરી જે આખાય ભારતમાં એક જ દિવસે સહુ સાથે કરી શકે.

વળી પ્રશ્ન આવ્યો કે, તો ઉપરના પ્રઘોષ મુજબ કરતાં ચોથની પાંચમ કરવા જતાં તે ચોથ સંવત્સરીનું મહાપર્વ હોય તો શું કરવું ? તો તે જ કાયદો, જો કે ઉદયની ચોથ હોવા છતાં પ્રઘોષનો ઉપયોગ કરી ૪થના સ્થાને પાંચમ મૂકવી અને આગળની ત્રીજ જે અપર્વ તિથિ છે તેની જગ્યાએ ચોથ મૂકી બન્ને મહાપર્વ અને પર્વતિથિની આરાધના અખંડ રાખવી. એટલે ઉદીત તિથિનો કાયદો હોવા છતાં પર્વતિથિને અખંડ રાખવા ઉમાસ્વાતિ મહારાજાના પ્રઘોષનો ઉપયોગ કરી શ્રીસંઘને અખંડ બાર તિથિની આરાધના સુરક્ષિત કરી. જો આ માર્ગદર્શન ન સ્વીકારીએ તો પાંચમની આરાધના ગુમાવવી પડે. તો ૧૧ તિથિની જ આરાધના થાય. તે તો હરગીજ ન ચાલે.

તે જ રીતે પુનમનો ક્ષય આવે ત્યારે પૂર્વની પણ પર્વતિથિ જ ચૌદસ હોવાથી તેનો પણ ક્ષય ન કરી શકાય તો શું કરવું ? તેના આગળની તિથિ જે તેરસ છે તે અપર્વ તિથિ છે તેની જગ્યાએ ચૌદસ મૂકવી અને ચૌદસની જગ્યાએ પુનમ મૂકી આરાધના અખંડ રાખવી. પણ ૧૪-૧૫ બે ભેગી આરાધવા જતાં ઘણા ગોટાળા થાય છે અને એક પર્વતિથિને ઉડાડી દેવી પડે છે તે જ મોટું પાપમાં પડવાનું થાય છે.

ઉપરોક્ત પરંપરા પ્રમાણે પર્વતિથિની વિશેષ આરાધના વર્ષોથી સકલ સંઘ કરે છે. પરંતુ અત્યારે આ પરંપરાને એક ખરતર ગચ્છ સ્વીકારતો નથી તેવું સાંભળ્યું છે. તે રીતે થોડા વર્ષોથી 'બે તિથિ' પક્ષ પણ સ્વીકારતો નથી. તેઓ પુનમનો ક્ષય આવે ત્યારે ૧૪-૧૫ એક જ દિવસે બે તિથિની આરાધના કરે છે, એક દિવસની આરાધના મૂકી દેવા તૈયાર છે, પરંતુ પ્રઘોષનો ઉપયોગ કરી તેરસનો ક્ષય કરવા તૈયાર નથી થતા.

જૈન પંચાંગ મુજબ વૃદ્ધિતિથિ તો આવે જ નહિ. (કારણ જૈન પંચાંગ મુજબ દરેક તિથિ ૨૪ કલાકથી કંઈક ઓછી જ છે.) પરંતુ વર્ષમાં અમુક તિથિઓનો જ ક્ષય આવે છે. તેમાંય પર્વતિથિનો ક્ષય આવે ત્યારે ૧૨ તિથિની અખંડિતતા જાળવવા પ્રઘોષનો ઉપયોગ કરી આગળની તિથિ ક્ષય કરી પર્વતિથિને ઊભી રખાય છે.

તમે કહેશો આવો ફેરફાર કોણે કર્યો ? અને ફેરફાર કરાય ? હા, સંવિજ્ઞ ગીતાર્થ આચાર્ય ભગવંતો જૈનસંઘના હિતમાં આવા કોઈ સામાચારી બાબતના ફેરફાર કરવા હોય તો કરી શકે, જો શ્રીસંઘની આરાધના વધતી હોય તો. હા, સિદ્ધાંતમાં કોઈ ફેરફાર ન થાય પરંતુ **"તિથિએ સિદ્ધાંત નથી પરંતુ સામાચારી છે"** અને સમય-સંજોગો જોઈ મહાપુરુષોએ સામાચારીમાં અનેકવાર ફેરફારો કર્યા છે. (ક્રમશઃ)

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી પ્રેમ-ભુવનભાનુના ગગનનો એક ચમતકો સિતારો ખરી પડ્યો.

શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના વરીષ્ઠ આચાર્ય વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આચાર્યદેવશ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાનો જેઠ વદ ૪, તા.૨૮-૬ની રાતે ૨-૪૨ કલાકે અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો સહિત ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં અરિહંત પદની ધૂન બોલાવતાં સમાધિપૂર્વક કાળધર્મ થયો હતો. જેઠ વદ-૫, તા.૨૯-૬-૨૧, મંગળવારે પૂજ્યશ્રીની પાલખી અમદાવાદ, ગોદાવરી સંઘ-વાસણામાંથી સવારે ૧૧-૩૦ કલાકે કાઢવામાં આવી હતી.

પૂજ્યશ્રીના સંસારી સ્વજનો તથા અનેક સંઘોના ટ્રસ્ટીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. અગ્નિસંસ્કાર કરવાની ઉછામણી **શ્રીમતી ધાત્રિકાબેન કલ્પેશભાઈ** તથા **માલુભાઈ-આનંદ મંગલ પરિવારે** લઈ પૂજ્યશ્રીનો પરિમલ ખાતે અગ્નિસંસ્કાર કર્યો હતો.

તા.૩૦-૬, બુધવારના રોજ પૂજ્યશ્રીના ગુણાનુવાદની સભા ગોદાવરી જૈન ઉપાશ્રયના વિશાળ હૉલમાં પૂ.આ.શ્રી **રાજયશસૂરિ** મ. તથા પૂ.આ.**જગચ્ચંદ્રસૂરિ** મ.ની નિશ્રામાં રાખવામાં આવી હતી. અનેક સમુદાયના આચાર્ય ભગવંતો પધાર્યા હતા. જીવદયાપ્રેમી **શ્રી કુમારપાળભાઈ,** એલર્ટ સરસેનાધિપતિ **શ્રી કલ્પેશભાઈ** આદિ વિશાળ શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં તેઓશ્રીના અંતેવાસી શિષ્ય પૂ.આ.શ્રી **કલ્યાણબોધિ** સૂરીશ્વરજી આદિએ ગુણાનુવાદ કરી શ્રોતાઓના હૃદય ભીના ભીના કર્યા હતા. પૂજ્યશ્રી ૮૯ વર્ષની ઉંમરમાં ૭૦ વર્ષનો દીર્ઘ સંયમપર્યાય પાળી ૫૫ જેટલા શિષ્ય પરિવારને મૂકી અનેક શાસન પ્રભાવનાઓ કરી વિદાય થયા હતા.

### પૂ.ગુરુદેવશ્રી આ.હેમરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્યોના ચાતુર્માસ

❖ **પૂ.પં.શ્રી વિરાગરત્ન વિ.મ.** આદિ ઠાણા-૪
પુષ્કર રોડ, અજમેર, રાજસ્થાન
**પ્રવેશ :** અ.સુ.૧૨, બુધવાર, તા.૨૧-૭-૨૧

❖ **પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા-૭
શ્રી નવકાર સંઘ, વાસણા, અમદાવાદ.
**પ્રવેશ :** અ.સુ.૧, રવિવાર, તા.૧૧-૭-૨૧

❖ **પૂ.મુનિશ્રી યુગરત્ન વિ.,**
**મુનિશ્રી યશોજયરત્ન વિ.મ.** આદિ ઠાણા-૨
વલ્લભવિદ્યાનગર, આણંદ
**પ્રવેશ :** અ.સુ.૭, શુક્રવાર, તા.૧૬-૭-૨૧

❖ **પૂ.મુનિશ્રી કાશ્યપરત્ન વિ.** આદિ ઠાણા-૩
ચાંદખેડા, અમદાવાદ
**પ્રવેશ :** અ.સુ.૯, રવિવાર, તા.૧૮-૭-૨૧

# હિમ્મતનગર મુકામે મુમુક્ષુ હાર્દિકના દીક્ષા મહોત્સવની ઝલક





















## પુસ્તક વિમોચન

પૂ.પં.શ્રી **હૃદયરત્ન** વિ.મ.ના અ.સુ.૧, તા.૧૧-૭-૨૧ના વાસણા-નવકાર શ્રીસંઘમાં ચાતુર્માસ પ્રવેશ સમયે **"યોગપૂર્વસેવા"** સીરીઝનું **"અવલોકનીયો મૃત્યુઃ"** પુસ્તકનું વિમોચન તથા પૂ.સાધ્વીશ્રી **મૃદુવર્ધનાશ્રી** રચિત **'નમસ્કાર સ્તવ'** પુસ્તિકાનું વિમોચન લાભાર્થી **શ્રી સુદાસણા જૈન સંઘ**ના સભ્યો **શ્રી નવીનભાઈ** તથા **અનિલભાઈ** તથા **ડભાડ તીર્થ શ્રીસંઘ**ના **શ્રી અશોકભાઈ** આદિના સ્વહસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તક અમદાવાદ, મુંબઈ તથા માનસમંદિરમ્‌ની ઓફિસેથી તથા સુરતથી મેળવી શકાશે.






**સૌજન્ય :**

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2021-2023 Issued by SSP Valid up to 31-12-2023
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2021-2023 Valid up to 31-12-2023

# श्री शत्रुंजय तीर्थधाम भुवनभानु मानसमंदिरम् तीर्थ

Contact No. : 8551904888, 8551905888, 9823271991



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514